લોજિસ્ટિકમાં ગુજરાત દેશમાં અવ્વલ

૩ લાખ કરોડ રૂપિયાનો ધંધો : કોસ્ટ ઘટાડીને સિંગલ ડિજિટમાં લાવવા પ્રયાસ : ભારતના પોર્ટ્સની કુલ ક્ષમતા વધી છે અને જહાજોનો એવરેજ 'ટર્ન-અરાઉન્ડ ટાઇમ' ૨૬ કલાક થઈ ગયો છે : મોદીએ નેશનલ લોજિસ્ટિક્સ પોલીસી લોન્ચ કરી

નવી દિલ્હી, તા.૧૮

પ્રધાનમંત્રી મોદીએ ઉદ્યોગોને સરળતાથી ચલાવી શકાય તે માટે ખાસ પોલીસી લોન્ચ કરી છે. કેન્દ્ર સરકાર છેલ્લાં ૩ વર્ષથી આ પોલીસી તૈયાર કરવાનું કામ કરી રહી હતી. આ પોલીસીના કારણે ઉદ્યોગિક એકમો, વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે એક પ્રકારે સમન્વય સધાશે. બજારમાં પહેલાં કરતા ઝડપથી અને સરળતાથી માલ-સામાનનું વેચાણ થઈ શકશે. ટ્રાન્સપોર્ટેશન પણ પહેલાંની સરળખામણીએ ઘણું સરળ બનશે. પ્રધાનમંત્રી મોદીએ પોતાના જન્મદિનના અવસરે જ દેશને નેશનલ લોજિસ્ટિકિસ પોલીસીની અનમોલ ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી રજૂ કરતા કહ્યું કે આ પોલિસી પરિવહન ક્ષેત્રના પડકારોનું સમાધાન આપનારી, અંતિમ છેડા સુધી ડિલિવરીની ગતિ વધારનારી અને ઉદ્યોગો માટે નાણાં બચાવનારી બની રહેશે. આ પોલિસીથી ઉદ્યોગોની લોજિસ્ટિક્સ કોસ્ટ હાલના ૧૩-૧૪ ટકાથી ઘટીને સિંગલ ડિજિટમાં આવવાનું અનુમાન છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતુ કે આજે ભારતના પોર્ટ્સની કુલ ક્ષમતા ઘણી વધી છે અને જહાજોનો એવરેજ 'ટર્ન-અરાઉન્ડ ટાઇમ' ૪૪ કલાકથી ઘટીને ૨૬ કલાક થઇ ગયો છે. પોર્ટ્સ અને ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર્સને જોડતી સાગરમાલા પરિયોજનાએ લોજિસ્ટિક કનેક્ટિવિટી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કાર્યોમાં સુધારા લાવવાનું શરૂ કરી દીધું છે. ભારત હવે વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે. પોલિસી પાછળ ૩ વર્ષથી કામ ચાલી રહ્યું હતું કેન્દ્ર સરકાર ૩ વર્ષથી નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી પર કામ કરી રહી હતી. વાણિજ્ય મંત્રાલયે તેનો મુસદ્દો ૨૦૧૯માં જારી કર્યો હતો પણ કોરોના મહામારીના કારણે વિલંબ થયો. ગત બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે આ પોલિસી ફરી જાહેર કરી હતી.

ઉદ્યોગક્ષેત્રે એમાંય લોજિસ્ટિક્સ ક્ષેત્રે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે. ગુજરાતનો લોજિસ્ટિક બિઝનેસ ૩ લાખ કરોડ રૂપિયાનો થવા જાય છે. જ્યારે ગુજરાતના જીડીપીમાં લોજિસ્ટિક ક્ષેત્રનો હિસ્સો ૧૫ ટકા છે. લોજિસ્ટિક ઈન્ડેક્સ ૨૦૨૧માં હરિયાણાએ ચાર ક્રમ આગળ વધીને બીજો ક્રમ મેળવ્યો છે, જે ૨૦૧૯માં છઠ્ઠા ક્રમે હતું, જ્યારે પંજાબ ૨૦૧૯માં બીજા ક્રમે હતું, જે ૨૦૨૧માં એક ક્રમ પાછળ ખસીને ત્રીજા ક્રમે પહોંચ્યું છે. આ અહેવાલ પ્રમાણે, આ યાદીમાં વિવિધ રાજ્યોએ ચોક્કસ માપદંડોમાંથી ખરાં ઉતરવું પડે છે. તેમાં વેરહાઉસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ગુણવત્તા, ટ્રાન્સપોર્ટેશન વખતે ઝડપથી થતી કાર્ગો ડિલિવરી, ઓપરેટિંગ અને રેગ્યુલેટરી સિસ્ટમ, રેગ્યુલેટરી સર્વિસની ક્ષમતા વગેરે સામેલ છે. જોકે, આ દરમિયાન કેટલાંક રાજ્યોએ મોટાં ઔદ્યોગિક સ્થળો વચ્ચે રસ્તાની ખરાબ હાલતનો પણ સામનો કરવો પડે છે.

મેઘાણીનગરના બે યુવકોનું ઝાંઝરી ધોધમાં ડૂબી જતા મોત

૬ વ્યક્તિઓ ઝાંઝરી ધોધમાં ન્હાવા માટે પડ્યા હતા ત્યારે બે વ્યક્તિ ડૂબવા લાગ્યા હતા : બચાવવાના પ્રયાસ નિષ્ફળ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના ૨ યુવકોનું પિકનિક દરમિયાન બાયડ તાલુકામાં આવેલા ઝાંઝરી ધોધમાં ડૂબી જતા બંનેનું મોત નીપજયું છે. રાજયના અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ડાભા ગામ નજીક વાત્રક નદીના કિનારે આવેલા ફરવાલાયક સ્થળ ઝાંઝરી ધોધમાં અમદાવાદના ૨ યુવકોના ડૂબી જતા મોત નીપજ્યા છે. અમદાવાદના ૨ યુવકોનું પિકનિક દરમિયાન બાયડ તાલુકામાં આવેલા ઝાંઝરી ધોધમાં ડૂબી જતાં મોત નિપજયું છે. આ બંને યુવકો અમદાવાદથી ઝાંઝરી ધોધ ફરવા માટે આવ્યા હતા. મૃતકો અમદાવાદના મેઘાણીનગરના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદના ૨ યુવકોનું પિકનિક દરમિયાન બાયડ તાલુકામાં આવેલા ઝાંઝરી ધોધમાં ડૂબી જતા બંનેનું મોત નિપજયું છે. અમદાવાદના મેઘાણીનગરથી ઝાંઝરી ધોધ પર ૬ વ્યક્તિઓ પિકનિક માટે પહોંચ્યા હતા. દરમિયાન આ ૬ વ્યક્તિઓ ઝાંઝરી ધોધમાં ન્હાવા માટે પડ્યા હતા. ત્યારે બે વ્યક્તિઓ ડૂબવા લાગ્યા હતા.

સ્થાનિક લોકોએ તેમને બચાવવા માટેના પ્રયાસ કર્યા હતા, પરંતુ તેઓના બચાવના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. બંને યુવકોના મોત નિપજ્યા હતા.

અંબાજીમાં હવે પોલિમર બોક્સમાં મોહનથાળ પ્રસાદનું વિતરણ થશે

કિંમત ૧૦૦ ગ્રામના ૨૫ રૂપિયા રહેશે

અંબાજી, તા.૧૮

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર જગ વિખ્યાત છે. હવે એક મોટા સમાચાર મળી રહ્યા છે. અંબાજીના મહાપ્રસાદ મોહનથાળનો પ્રસાદ હવે પોલિમર બોક્સમાં મળશે. જેના કારણે બોક્સની કિંમત ૧૦૦ ગ્રામના ૨૫ રૂપિયા રહેશે. કાગળના પેકિંજ બંધ કરી માત્ર ૨૫ રૂપિયામાં દર્શનાર્થીઓને પ્રસાદીના પેકેટ મળશે. સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં ત્રણ સાઈઝમાં કાગળના પેકિંગમાં મોહનથાળ પ્રસાદનું વેચાણ થતું હતું પરંતુ આજથી અંબાજી મંદિરમાં એક જ સાઈઝના પોલિમર બોક્સમાં મોહનથાળ પ્રસાદનું વિતરણ ચાલુ કરવામાં આવ્યું છે. ૧૦૦ ગ્રામના પોલિમર બોક્સ પેકેજ જેની કિંમત રૂપિયા ૨૫ રાખવામાં આવી છે. અંબાજી મંદિર ટ્રસ્ટ વતી આ નિર્ણય લેવામાં આવ્યો છે. પોલિમર બોક્સ રિસાઈક્લિંગ હોવાના કારણે પર્યાવરણને પણ કોઈ નુકસાન નહીં થાય તો સાથે સાથે કાગળના બોક્સમાં મોહનથાળનો પ્રસાદ હોવાથી ઘી ચૂસી લેવાના કારણે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા પોલિમર બોક્સમાં મોહનથાળ પ્રસાદનું વિતરણ ચાલુ કરાયું છે. ઉલ્લેખનીય છે કે, મા જગતજનની અંબાનું ધામ અંબાજી વિશ્વભરમાં પ્રખ્યાત છે. મા અંબાના ધામ અંબાજીમાં આમ તો દરરોજ હજારોની સંખ્યામાં માઈ ભક્તો આવે છે.

આપ પાર્ટીના નેતા રાઘવ ચઢ્ઢાને બનાવ્યા ગુજરાતના સહપ્રભારી

અમદાવાદ, તા.૧૮

આમ આદમી પાર્ટી ગુજરાતના પંજાબની તર્જ પર ચૂંટણી જીતવા માંગે છે. તે માટે હવે તે ગુજરાતમાં મોટો દાવ ખેલવા જઈ રહી છે. પંજાબમાં આમ આદમી પાર્ટીના મોટા ગજાના નેતાની ગુજરાતમા નિમણૂંક કરી છે. પંજાબમાં આમ આદમી પાર્ટીની જીત જે નેતાને કારણે થઈ અને પંજાબમાં સહપ્રભારી રહેલા રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને ગુજરાતમાં મોટી જવાબદારી સોંપાઈ છે. છછઁ ના રાઘવ ચઢ્ઢાને ગુજરાતના સહપ્રભારી બનાવાયા છે. દિલ્લી, પંજાબ પછી ગુજરાતની જવાબદારી સોંપાઈ છે.

રાઘવ ચઢ્ઢા કુશળ રાજકીય નેતા અને ચૂંટણી મેનેજમેન્ટમાં એક્સપર્ટ ગણાય છે. યુવા નેતા રાઘવ ચઢ્ઢા યુવાઓની વચ્ચે ભારે લોકપ્રિય છે. આ પહેલા તેઓ દિલ્હી અને પંજાબમાં મહત્વની જવાબદારી નિભાવી ચૂક્યા છે. ત્યારે હવે આપે તેમને ગુજરાતમાં મોટી જવાબદારી સોંપી છે. રાઘવ ચઢ્ઢાની એન્ટ્રી બાદ ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારો અને યુવાઓની વચ્ચે આમ આદમી પાર્ટી જોરશોરથી ઉતરવાની તૈયારી કરી રહી છે. સૂત્રોનું કહેવુ છે કે, ગુજરાતને આમ આદમી પાર્ટીને સારો ફીડબેક મળી રહ્યો છે. ગુજરાતના લોકો આવા ભરોસાપાત્ર ચહેરા પર વિશ્વાસ જીતવા માંગે છે, જે ખુદ સક્ષમ હોય. તેમજ બાકીની પાર્ટીના રિમોટ કન્ટ્રોલ્ડ નેતાઓની જેમ ઈશારા પર ચાલનારો ન હોય.

રાઘવ ચઢ્ઢા સતત ગુજરાતમા એક્ટિવ છે અને ટ્વિટર પર તેઓ સક્રિય રહે છે. આ વચ્ચે તેઓ ગુજરાતની મુલાકાત પણ કરતા રહે છે અને ઈલેક્શને લઈને ગુજરાતના નેતાઓ સાથે બેઠકો પણ યોજે છે. તેઓ પંદર દિવસ પહેલા પણ ગુજરાત આવ્યા હતા અને બીજેપીને આડે હાથ લીધા હતા. તેમણે કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણીની લડાઈ ભાજપ પાર્ટીના નકલી ગુજરાત મોડલ અને કેજરીવાલના અસલી શાસનની વચ્ચે હશે.

અમદાવાદમાં મચ્છરજન્ય રોગચાળાએ માજા મૂકી

હેલ્થ વિભાગના દાવાઓની ખૂલી પોલ : એસ્ટેટ વિભાગના પ્લોટમાં જ્યાં દબાણ દૂર કરતા સમયે જપ્ત સામગ્રીઓ મૂકે છે ત્યા તમામ સામગ્રીમાં પાણીનો ભરાવો

અમદાવાદ, તા.૧૮

શહેરમાં હાલ મચ્છરજન્ય રોગચાળાએ માજા મૂકી છે. વરસાદી પાણી અથવા ભરાવા થયેલા ચોખ્ખા પાણીમાં મલેરિયા અને ડેન્ગ્યુના મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. જેની સામે છસ્ઝનું આરોગ્ય વિભાગ કામગીરી કરતુ હોવાના બણગા ફૂંકે છે. પણ ફોગીંગ, દવાનો છંટકાવ, લાર્વાની વિવિધ સાઈટ્સ ઉપર જઈ તપાસ કરવાની કામગીરી માત્ર ખાનગી એકમો સુધી જ સીમિત છે. તેની સામે છસ્ઝની ખુદની સંસ્થાઓ મચ્છરો માટેનું નગર બની ગઈ છે.

હેલ્થ વિભાગની મેલેરિયા ટીમ દર રોજ જુદા જુદા ખાનગી સ્થળોએ જઈ મચ્છરોના લાર્વાની તપાસ હાથ ધરે છે. છદ્વષ્ઠ જે સાઈટ ઉપર મચ્છરોના લાર્વા મળી આવે ત્યાંથી દંડ વસુલ કરે છે. એકમને સીલ કરી દે છે પણ ખુદની પ્રિમાઈસિસમાં કોઈ કામગીરી કરતી નથી. અમરાઈવાળી છસ્ઝના ગોડાઉન, ગોમતીપુર કોમ્યુનિટી હેલ્થ સેન્ટર અને સરસપુરના સ્નાનાગારમા સ્થિતિ સારી નથી. અહીંની સ્થિતિ આરોગ્ય વિભાગના તમામ દાવાઓ ઉપર મોટા સવાલો ઉભા કરી રહી છે. છેલ્લા ત્રણ મહિનામાં મનપા એ લોકો પાસેથી ૫ લાખ જેટલો દંડ વસુલ કર્યો છે. જયારે છેલ્લા ૧૫ દિવસમાં ૪૫ હજારથી વધુનો વહીવટી દંડ વસુલ કર્યો હોવાનું હેલ્થ કમિટીના ચેરમેન જણાવી રહ્યા છે. પણ આ તમામ દાવાઓ છસ્ઝની પ્રિમાઈસિસ જોતા પોકળ સાબિત થઈ જાય છે. સૌપ્રથમ અમરાઈવાડી ખાતે આવેલા ક્ષદ્વષ્ઠ એસ્ટેટ વિભાગના પ્લોટમાં જ્યાં ક્ષદ્વષ્ઠ દબાણ દૂર કરતા સમયે જપ્ત કરેલી સામગ્રીઓ મૂકે છે. અહીં તમામ સામગ્રીમાં પાણીનો ભરાવો અને તેમાં મચ્છરોના લાર્વા મોટી સંખ્યામાં મળી આવ્યા હતા. ગોમતીપુરના અર્બન હેલ્થ સેન્ટર કે જ્યાં લોકો સારવાર લેવા આવે છે ત્યાં છસ્ઝ ની ઘોર બેદરકારી જોવા મળી હતી. અહીં તો પીવાના પાણીની ટાંકીમાં જ અસંખ્ય મચ્છરો મળી આવ્યા હતા. પીવાના પાણીની ટાંકીમાંથી એક ડોલ કાઢી જયારે તપાસ હાથ ધરી તો હજારોની સંખ્યામાં મચ્છરો મળી આવ્યા હતા.

સરસપુર સ્નાનાગરમાં બે મહિનાથી લાઈનમાં લીકેજ છે. પરિણામે કાયમી પાણી ભરાવવાની સમસ્યા રહે છે. જેમાં મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. જો કે આ તમામ સ્થિતિ વચ્ચે હેલ્થ વિભાગનું કહેવું છે કે તેઓ દરરોજ ટીમ બનાવી શહેરના દરેક વોર્ડમાં કામગીરી કરે છે. એવી જ કામગીરી મનપાની પ્રિમાઈસિસમાં પણ કરવામાં આવે છે.

સાથીયા પુરાવો આજ... - માતાજીના નવલા નોરતાના પડઘમ વાગી રહ્યા છે... પાર્ટી પ્લોટ અને શેરી ગરબાની તડામાર તૈયારીઓ આરંભાઈ ગઈ છે... તો બીજી તરફ ખેલૈયાઓમાં પણ નવરાત્રીના આગમન ટાણે ગરબાની પ્રેકટિસ ગરબાના શોખીન ખેલૈયાઓ અવનવી સ્ટાઈલમાં ગરબાની પ્રેક્ટીશ કરી રહ્યા છે.

સસ્તામાં સોનું અને ડોલર આપવાની લાલચે ઠગાઈ

ક્રાઈમ બ્રાન્ચે ઈસનપુરમાં રહેતા ઠગની ધરપકડ કરી

અમદાવાદ, તા.૧૮

લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખ્યા ના મરે.. એ કહેવાત પ્રમાણે ઘણાં ઝડપથી રૂપિયાવાળા બનવામાં છેતરપિંડીનો ભોગ બનતા હોય છે. ટૂંક સમયમાં રૂપિયાવાળા બનવું હોય જલદી રૂપિયા કમાઈ લેવા હોય તેવી લાલચમાં ફસાવીને ગેંગ લોકોને છેતરતી હોય છે. આજ રીતે છેતરપિંડી કરતા એક શખ્સની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે ઈસનપુરમાં રહેતા ૩૪ વર્ષના કિર્તી અમીનની ધરપકડ કરી છે. જેણે લોકોને સોનું અને ડોલર સસ્તા ભાવે આપવાની લાલચે છેતરપિંડી કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર કિર્તીએ ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના ઓછામાં ઓછા ૧૦ લોકો સાથે છેતરપિંડી કરી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હવે આ કેસમાં વધુ ઊંડી તપાસ કરવામાં આવી રહી છે.

મણિનવગરના રામબાગ ચાર રસ્તાથી પોલીસે તેમની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે કિર્તી અમિન અને તેની ગેંગના સભ્યો લોકોને અસલી સોનું અને ડોલર બતાવીને તેને નીચી કિંમતે આપવાની વાત કરતા હતા.

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ

રાજ્યમાં મેઘરાજા ફરી બોલાવશે ભયંકર ધબધબાટી : આજે સામાન્યથી ભારે વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૧૮

ચાલુ વર્ષે દેશમાં ચોમાસાનું આગમન વહેલું થયું હતું અને ગુજરાતમાં પણ વહેલું ચોમાસુ બેસી ગયું હતું. જોકે, હજુ ચોમાસાની વિદાયના કોઈ એંધાણ દેખાતા નથી. કારણ કે, હવામાં ભેજનું પ્રમાણ વધારે છે. પરંતુ હવામાન નિષ્ણાતોનું અનુમાન છે કે, સપ્ટેમ્બરના અંતમાં ચોમાસાની વિદાયની શરૂઆત થઈ જવાનું અનુમાન છે.

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ રહશે. ૪૮ કલાક સુધી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં સોમવારે સામાન્યથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે અમદાવાદ અને ગાંધીનગર માં વાદળછાયું વાતાવરણ રહેશે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૪ ટકા વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૪૮ ટકા વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના મતે એક સિસ્ટરમ સક્રિય થતા દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે.

દશેરા બાદ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આ મહિનાના અંતમાં ત્રણેક દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. અંબાજી અને ગાંધીનગરમાં રેલવે મંત્રાલયના કાર્યક્રમોમાં હાજર રહેશે. આ ઉપરાંત માણસા સહિત ઉત્તર ગુજરાતના ત્રણેક સરકારી કાર્યક્રમોમાં જોડાય તેવી શક્યતાઓ છે. હજુ પીએમઓ સમગ્ર કાર્યક્રમને આખરી ઓપ આપી રહ્યુ છે. રાજ્ય સરકારે પણ અનેકવીધ લોકકલ્યાણની યોજનાઓ જાહેર કરી પ્રજાના દિલ જીતવામાં કોઈ કચાશ રાખી નથી. મોટાભાગના આંદોલનોના સમાધાનો કરાવ્યા છે. કેટલાકમાં હજુ વિભાજન હોવા છતાં સરકારના દાવા મુજબ કર્મચારીઓની મોટાભાગની માંગણીઓ સંતોષાઈ છે. ભાજપના સંગઠન દ્વારા તાલુકા અને નગરકક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. બીજી તરફ કોંગ્રેસ પણ બુથ લેવલના આયોજનમાં વ્યસ્ત છે. પ્રદેશ સંગઠનના નેતાઓ છેલ્લા દસ દિવસથી ઉમેદવાર પસંદગી પ્રક્રિયામાં વ્યસ્ત છે અને પ્રદેશ કોંગ્રેસનો દાવો છે કે એકાદ સપ્તાહમાં ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરાશે. તો આમ આદમી પાર્ટી ગેરંટી કાર્ડ માટે ઘરે ઘરે સંપર્ક કરે છે. તમામ વિધાનસભા વિસ્તારોમાં આપના કાર્યકરો બુથ સુધીના કાર્યક્રમોમાં વ્યસ્ત છે. છેલ્લા પંદર દિવસમાં દિલ્હીના મુખ્યમંત્રીના ગુજરાત પ્રવાસથી કાર્યકરોમાં જોમજુસ્સાનો દાવો આપ દ્વારા કરાઈ રહ્યો છે. આમ રાજકીય અને વહીવટી રીતે જોતા એવુ લાગે છે કે હવે ચૂંટણી ઓક્ટોબરના બીજા સપ્તાહમાં જાહેર થઈ શકે છે.

પાર્કીંગ પ્લેસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રીંગ રોડના વાઈડનીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આસપાસ સ્થિત ફુટપાથ પર પણ ઘણાં ઠેકાણે દબાણો છે. આ ઉપરાંત તુટેલી ફેન્સીંગના લીધે વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોના સકંજામાં આવી ગયો છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં દબાણની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. શહેરના સે-૧૧, સે-૬ અપનાબજાર પાસે તેમજ સે-૧૬ ના સર્વિસ રોડ પાસે છેલ્લા એક દાયકાથી પાર્કીંગની સમસ્યા આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. રોજબરોજ આડેધડ વાહનો ખડકી દેવામાં આવે છે. જેના લીધે સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. સેકટરોના સર્વિસ રોડ આસપાસ પાર્કીંગની સમસ્યા ડામવા માટે પણ કોઈ અસરકારક આયોજન કરવામાં આવતુ નથી જેના લીધે હવે સેકટરોના રીંગ રોડ તેમજ કોર્મશિયલ વિસ્તાર આસપાસ પણ વધતા જતા ટ્રાફિકના લીધે પૈડા પરની જિન્દગી જોખમાતી જાય છે. મુખ્યમાર્ગો પર જેમ રીક્ષા સ્ટેન્ડની જગ્યા લાંબા સમયથી નિયત કરવામાં આવી નથી તેમ કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ પર દબાણો ન ગોઠવાય તેમજ વાહનો જ પાર્ક થાય તે માટે દંડનીય કાર્યવાહી કરવી અનિવાર્ય બની હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેરના રોડ નેટવર્કમાં બદલાવ આવી રહ્યો છે. રોડ રસ્તા અને બિલ્ડીંગોના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો હજુ હાંસિયામાં ધકેલાયેલા છે. શહેરના રહેણાંક વિસ્તારમાં પણ વધતા વાહનોની સંખ્યાના લીધે પાર્કીંગની સમસ્યા પેચીદી બનતી જાય છે. રહેણાંક વિસ્તારમાં પણ પેવર બ્લોક અને હરિયાળીના નામે રહીશો આડકતરી રીતે દબાણો કરી રહ્યા છે. ફેન્સીંગના દબાણો તો પ્લોટથી પણ મોટા સ્વરૂપે જોવા મળે છે. જેની સામે પણ પગલા ન લેવાતા આગામી દિવસોમાં રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીંગ પ્રોબ્લેમ બર્નિંગ બની જશે.

તૈયારી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં ગણેશોત્સવની ઉજવણી પણ ધામધમુથી થાય છે. ત્યારે હવે શ્રીજીની ભકિત અર્ચના બાદ નવદુર્ગાની પુજા અર્ચના માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. સેકટરોમાં યોજાતા પારિવારિક ગરબા દરમિયાન પુજા આરતી અને પ્રસાદ સાથે નાસ્તાની પણ વિશેષરૂપે વ્યવસ્થા કરવામાં આવે છે. નવરાત મહોત્સવની ઉજવણીને વધુ શાનદાર બનાવવા માટે સેકટરોમાં નવરાત્રિ સમિતિની બેઠકોના અંતે હવે સેકટરના રહીશો તૈયારીમાં લાગી ગયા છે. વરસાદી દિવસોમાં સેકટરોના કોમન પ્લોટમાં ઉગી નિકળેલા ઘાસ અને બિનજરૂરી વનસ્પિત દુર કરવા સહીત ગરબા મેદાનની જરૂરી સફાઇ હાથ ધરવામાં આવી છે. જો કે કોરનાના સંક્રમણના ભય વચ્ચે ગત વર્ષે સેકટરોમાં શેરી ગરબાના આયોજન માટે મંજુરી આપવામાં આવી હતી પરંતુ મહામારીના ડરથી શેરી ગરબાની રંગત જોઈએ તેવી જામી ન હતી. ત્યારે કોરોના કાળ બાદ બે વર્ષના અંતે આ વર્ષે સેકટરોની શેરીઓમાં ગરબાની રમઝટ જામશે જયારે શેરી ગરબાની ભવ્યતા નિખરે તે માટે સેકટરવાસીઓ જોરશોરથી તૈયારીમાં લાગી ગયા છે. સેકટરોમાં ગરબા મેદાન તૈયાર થઈ રહ્યા છે. બે વર્ષથી શેરી ગરબાની ઉજવણી માથે કોરોનાનુ ગ્રહણ લાગ્યુ હતુ ત્યારે આ વર્ષે ગરબા પ્રેમીઓને વરસાદનો ભય પણ સતાવી રહ્યો છે.

દરોડા પડાયા ● અનુસંધાન પહેલાનું ચાલુ

અખંડિતતાને નુકસાન પહોંચાડવામાં પણ સામેલ છે. આ તમામ આરોપો ફ્રેંછની ઞ્ઞેંઈમાં લખવામાં આવ્યા છે.

ફ્રેંદ્ર ની ૨૩ ટીમો આ કાર્યવાહીમાં લાગેલી છે. તેણે કુલ ૩૦ જગ્યાએ દરોડા પણ પાડ્યા છે. ફ્રેંછ છેલ્લા ઘણા દિવસોથી આ કેસ સાથે જોડાયેલા લોકો પર નજર રાખી રહી હતી. આ સંગઠન સાથે પહેલાથી જ આતંકવાદી ગતિવિધિઓના અહેવાલો મળી ચૂક્યા છે.

મારા જેવા ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચિત્તાની રક્ષા કરવી. તો વડાપ્રધાને તેમને પૂછ્યું કે, તમે કેવી રીતે ચિત્તાની રક્ષા કરશો? તેમાંથી અમુક લોકોએ કહ્યું કે, જો ચિત્તા જંગલ વિસ્તારમાંથી નીકળીને ગામડાઓ તરફ જશે તો અમે તેમની સુરક્ષા કરીશું. આટલુ જ નહીં, વડાપ્રધાને તેમને આગળ પૂછ્યુ હતું કે, તમને લાગે છે કે પ્રાણીઓ માણસ માટે જોખમ છે અથવા માણસો પ્રાણીઓ માટે જોખમ છે? આના ઉત્તરમાં ચિત્તા મિત્રોએ જણાવ્યું કે, માણસો વાસ્તવમાં પ્રાણીઓ માટે જોખમી છે. આ સાંભળીને વડાપ્રધાને કહ્યું કે, માટે તમારે પ્રાણીઓને નહીં માણસોને સમજાવવાની જરૂર છે.

વડાપ્રધાન મોદીએ દીપડા અને ચિત્તા વચ્ચેના અંતરની પણ ચર્ચા કરી હતી. ચિત્તા મિત્રોએ વડાપ્રધાનને સમજાવ્યું કે કેવી રીતે તેમની વચ્ચે તફાવત કરી શકાય છે.

વડાપ્રધાને તેમને જણાવ્યું કે, આ ચિત્તા મેળવવા માટે આપણે ૭૫ વર્ષ સુધી રાહ જોઈ છે. માટે તેમને સાચવવા ખૂબ જરૂરી છે. આ સિવાય તેમણે પોતે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગિરના સિંહોની સુરક્ષા કેવી રીતે કરી તે અનુભવ પણ શેર કર્યો હતો.

કાયદો અને કાનૂન ● અનુસંધાન ચોથાનું ચાલુ...

મંગાવવી અને સોસાયટીના સભ્યોએ નિમણૂક કરેલ કમિટીને જે દરખાસ્ત સૌથી વધુ યોગ્ય લાગે તે બિલ્ડર/ડેવલપર સાથે એમ.ઓ.યુ. કરવુ, સોસાયટી અને બીલ્ડર/ડેવલપર વચ્ચે પ્રપોઝ પ્લાન સાથેનો ડેવલપમેન્ટનો કરાર યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરીને રજીસ્ટર્ડ કરાવવો જરૂરી છે, ડેવલપરે નવા બાંધકામ અંગેના પ્લાન પાસ પોતાના ખર્ચે તૈયાર કરાવી અને પોતાના પ્રયત્ને મંજુર કરાવવાનાં હોય છે, સદર સોસાયટીની જમીન તથા યુનિટોનો કબજો બિલ્ડર/ડેવલોપરને સોંપવો તથા બિલ્ડર/ડેવલોપરે સોસાયટીના સભ્યને રહેવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવાની રહેશે અથવા તે માટે ડેવલોપરે/બિલ્ડર દ્વારા નક્કી કરવામાં આવેલ ભાડુ/વળતરની રકમ દરેક સભ્યને ચુકવવાની રહેશે, બિલ્ડર/ડેવલોપરે બાંધકામ પૂર્ણ કર્યા બાદ નવા બાંધકામ અંગેની બિલ્ડીંગ યુઝ પરમીશન(બી.યુ. પરમીશન) મેળવવાની રહેશે, નવા બાંધકામ કરેલા યુનિટો જે તે સભ્યને એલોટ કરી, તે અંગેનાં યોગ્ય કરારો, લેખો, લખાણો કરવાના રહેશે. જે ફ્લેટ ઓનરશીપ એકટ, ૧૯૭૩ મુજબ રહેશે.

-મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in